**GUJARAT BILL NO. 15 OF 2022.**

# THE GUJARAT MUNICIPALITIES (AMENDMENT) BILL, 2022.

## *A BILL*

*further to amend the Gujarat Municipalities Act, 1963.*

**સન ૨૦૨૨-નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.**

## ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, ૨૦૨૨.

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે.

**સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.**

**સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪-મા અધિનિયમની કલમ ૨૭૭નો સુધારો.**

**૨.** ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં, કલમ ૨૭૭માં, પેટા-કલમ (૩)માં, “આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા” એ શબ્દો પહેલાં, “કલમો ૪૭ અને ૪૭ક-માં નિર્દિષ્ટ કરેલી કોઇ બાબતો માટે જોગવાઇ કરતા નિયમો સિવાય,” એ શબ્દો, આંકડા અને અક્ષર મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪૭ અને ૪૭ ક-થી, રાજ્ય સરકારને, વિવિધ જગાઓ માટેની ભરતી અને (સેવાની) શરતો માટેના નિયમો ઠરાવવાની સત્તા મળે છે. હવે, સદરહુ અધિનિયમની વિદ્યમાન જોગવાઈઓ પ્રમાણે, રાજ્ય સરકાર, ભરતી અને સેવાની શરતો માટે નિયમો કરવા માંગતી હોય, તો સદરહુ અધિનિયમની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ની જોગવાઈ હેઠળ તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવાનું ફરમાવવામાં આવે છે.

તેમ છતાં, રાજ્ય સરકારને, કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના કાર્યક્ષેત્રમાંથી, કલમો ૪૭ અને ૪૭ ક-ની જોગવાઈઓને મુક્તિ આપવાનું જરૂરી જણાયું છે અને તેથી, સદરહુ કલમો ૪૭ અને ૪૭ ક હેઠળ કરેલા નિયમો એટલે કે કોઈ જગા માટેના ભરતી નિયમો, પરીક્ષા નિયમો અને સેવાની શરતો માટેના તેવા બીજા નિયમો વગેરેની પૂર્વપ્રસિદ્ધિની જરૂર રહેતી નથી. તદનુસાર, કલમ ૨૭૭ની પેટા-કલમ (૩) સુધારવા ધાર્યું છે. વિધેયકની કલમ ૨-થી તે માટેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**તારીખ: ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨.** **વિનોદભાઈ મોરડીયા.**

## પુરવણી

### ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)માંથી ઉતારા.

---

**નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા.**

**૨૭૭.** (૧) અને (૨) XXX XXX XXX

(૩) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા પૂર્વપ્રસિદ્ધિ પછી નિયમો કરવાની શરતને અધીન રહેશે:

પરંતુ રાજય સરકારને ખાતરી થાય કે તાત્કાલિક પગલું લેવું જરૂરી હોય તેવા સંજોગો પ્રવર્તે છે, તો તે, આ કલમ હેઠળ કરવાના કોઇપણ નિયમની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી શકશે.

(૪) અને (૫) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૨-નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫.]

# ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી વિનોદભાઈ મોરડીયા,

રાજ્ય કક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી]

(સન ૨૦૨૨-ના સપ્ટેમ્બર મહિનાની ૨૦મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## THE GUJARAT MUNICIPALITIES (AMENDMENT) BILL, 2022.

## GUJARAT BILL NO. 15 OF 2022.

### *A BILL*

*further to amend the Gujarat Municipalities Act, 1963.*

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows: -

**1.** (1) This Act may be called the Gujarat Municipalities (Amendment) Act, 2022. **Short title.**

Amendment of section 277 of Guj. 34 of 1964.

**2.** In the Gujarat Municipalities Act, in section 277, in sub-section (3), after the words "The power to make rules conferred by this section", the words ",except the rules providing for any of the matters specified in sections 47 and 47A," shall be inserted. Guj. 34 of 1964.

## STATEMENT OF OBJECTS AND REASONS

Sections 47 and 47A of the Gujarat Municipalities Act, 1963 empowers the State Government to prescribe the rules for recruitment and conditions of various posts. Now, as per the existing provisions of the said Act, if the State Government intends to make rules for the recruitment and conditions of service, the objections and suggestions from all persons likely to be affected thereby are required to be invited under the provision of sub-section (3) of section 277 of the said Act.

However, the State Government considers it necessary to exempt provisions of sections 47 and 47A from the purview of sub-section (3) of section 277 and so that the previous publication of the rules i.e. recruitment rules, examination rules and such other rules for conditions of services of any post, etc. made under the said sections 47 and 47A is not required. Accordingly, sub-section (3) of section 277 is proposed to be amended. Clause 2 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid object.

Dated the 20th September, 2022. **VINODBHAI MORADIYA,**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.**

**( Guj. 34 of 1964)**

---

**Power of State Government to make rules.**

**277.** (1) and (2) XXX XXX XXX

(3) The power to make rules conferred by this section is subject to the condition of the rules being made after previous publication:

Provided that if the State Government is satisfied that circumstances exist which render it necessary to take immediate action, it may dispense with the previous publication of any rule to be made under this section.

(4) and (5) XXX XXX XXX

GUJARAT LEGISLATURE SECRETARIAT

GUJARAT BILL NO. 15 OF 2022.

*A BILL*

*further to amend the Gujarat Municipalities Act, 1963.*

[ SHRI VINODBHAI MORADIYA,
MINISTER OF STATE FOR URBAN DEVELOPMENT]

(As published in the Gujarat Government Gazette of 20th September, 2022)

D. M. Patel,
Secretary,
Gujarat Legislative Assembly.

----------

Government Central Press, Gandhinagar.